# 5th Joint Meeting of the India-Japan Act East Forum

January 28, 2021

## ઈન્ડિયા-જાપાન એક્ટ ઈસ્ટ ફોરમની 5મી સંયુક્ત બેઠક

જાન્યુઆરી 28, 2021

1. ભારત અને જાપાન વચ્ચે 28 જાન્યુઆરી 2021 ના રોજ નવી દિલ્હીમાં ઈન્ડિયા-જાપાન એક્ટ ઈસ્ટ ફોરમ (એ.ઈ.એફ.) ની પાંચમી સંયુક્ત બેઠક યોજાઈ હતી. વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રિંગલા અને જાપાનના ભારતના રાજદૂત શ્રી સુઝુકી સતોશીની અધ્યક્ષતામાં આ બેઠક મળી હતી.

2. એ.ઈ.એફ. દ્વારા કનેક્ટિવિટી, હાઈડ્રો પાવર, દિર્ઘકાલીન વિકાસ, જળ સંસાધનોનો ઉપયોગ અને કૌશલ્ય વર્ધન સહિતના વિવિધ ક્ષેત્રોમાં ભારતના ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે ભારત-જાપાન દ્વિપક્ષીય સહકાર હેઠળ હાથ ધરાયેલા અનેક નવા પ્રોજેક્ટ્સની ચર્ચા કરી અને હેલ્થકેર, કૃષિ ઉદ્યોગો અને લઘુ-મધ્યમ ઉદ્યોગો, વાંસની વેલ્યુ ચેઈન ડેવલપમેન્ટ, સ્માર્ટ સિટી, ટૂરિઝમ અને લોકોના પરસ્પર એક્સચેંજ જેવા નવા ક્ષેત્રોમાં સહયોગ અંગે પણ વિચારોની આપ -લે કરી.

3. વિદેશ સચિવ અને જાપાનના રાજદૂતે ઉત્તર પૂર્વીય ક્ષેત્રના આધુનિકીકરણ માટે ભારત-જાપાન દ્વિપક્ષીય સહકારને સુવ્યવસ્થિત કરવા માટે વર્ષ 2017 માં એ.ઈ.એફ. દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. એ.ઈ.એફ. ભારતની "એક્ટ ઈસ્ટ પોલિસી" અંતર્ગત ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં ભારત-જાપાન સહયોગ અને "ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક" ના જાપાનના વિઝન માટે મંચ પ્રદાન કરે છે.

**નવી દિલ્હી**
**28 જાન્યુઆરી, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.